આકાશવાણી, અમદાવાદ

01-05-2026 Midday: 2.30 to 2.35pm

FRIDAY Regional News

SURAT – VGRC

સુરતની AURO યુનિવર્સિટી ખાતે આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરી અને સીઆર પાટીલની હાજરીમાં ત્રીજી વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ શરૂ થઈ.

સભાને સંબોધતા, કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ નોંધ્યું કે ભારત પ્રોસેસ્ડ ક્રૂડના વિશ્વના પાંચમા સૌથી મોટા નિકાસકાર તરીકે ઉભરી આવ્યું છે. મંત્રીએ ઉર્જા ક્ષેત્રમાં ગુજરાતના પ્રભુત્વ પર વધુ પ્રકાશ પાડ્યો, નોંધ્યું કે રાજ્ય દેશના 40 ટકા ક્રૂડનું પ્રોસેસિંગ કરે છે અને તેના 60 ટકા એલપીજીનું ઉત્પાદન કરે છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 2047 સુધીમાં 'વિકસિત ભારત'ના વિઝનને સાકાર કરવામાં ગુજરાતની મુખ્ય ભૂમિકા પર ભાર મૂક્યો. તેમણે સ્વતંત્રતાની શતાબ્દી સુધીમાં ભારતના કુલ નિકાસમાં 40 ટકા યોગદાન આપવાના રાજ્યના મહત્વાકાંક્ષી લક્ષ્યને રેખાંકિત કર્યું. મુખ્યમંત્રીએ ઉદ્યોગપતિઓને ગુજરાતમાં રોકાણ કરવા આમંત્રણ આપ્યું.

કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલે પાણી સંરક્ષણ અને ટકાઉ ઔદ્યોગિક વિકાસ વચ્ચેની મહત્વપૂર્ણ કડી પર ધ્યાન કેન્દ્રિત કર્યું. સુરત આગામી 50 વર્ષ માટે વ્યાપક જળ વ્યવસ્થાપન યોજનાને અંતિમ સ્વરૂપ આપનાર પ્રથમ શહેર છે. તેમણે કહ્યું જળ સંચય ના કારણે સમગ્ર પ્રદેશમાં 70 લાખથી વધુ જળ સંરક્ષણ માળખાના નિર્માણમાં મદદ મળી છે. આ કાર્યક્રમ દરમિયાન, મુખ્યમંત્રીએ દક્ષિણ ગુજરાતમાં પાંચ નવા સ્માર્ટ GIDC એસ્ટેટની સ્થાપનાની જાહેરાત કરી, સાથે દક્ષિણ ગુજરાત ક્ષેત્રમાં ઔદ્યોગિક વિસ્તરણને ધ્યાનમાં રાખીને અનેક સમજૂતી કરારો પર હસ્તાક્ષર કર્યા.

આ તકે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું કે, વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ થી ગુજરાતની ઓક વિશ્વકક્ષાએ મજબૂત થઈ છે.

## GUJARAT STATEHOOD DAY

ગુજરાત આજે તેના રાજ્ય સ્થાપના દિવસની ઉજવણી કરી રહ્યું છે. આજે સાંજે સુરતમાં 66મા સ્થાપના દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી યોજાશે જેમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની આગેવાની હેઠળ ભવ્ય પરેડ યોજાશે.

## KACHCHH – BHUKAMP

કચ્છના ભચાઉમાં 2.9 ની તીવ્રતાનો હળવો આંચકો અનુભવાયો હતો. બપોરે 12 વાગ્યે ને 5 મિનિટે નોંધાયેલ ભૂકંપના આંચકાનું કેન્દ્ર બિંદુ ભચાઉથી 15 કિલોમીટર દૂર નોંધાયું હતું.

## MAHESANA – MOBILE

મહેસાણા ખાતે જિલ્લાની મુખ્ય સરકારી વકીલ કચેરી દ્વારા જિલ્લામાં ફરજ બજાવતા 37 સરકારી વકીલોને અત્યાધુનિક મોબાઈલ ફોનનું વિતરણ કરવામાં આવ્યું. ભારત સરકારના ગૃહ વિભાગ દ્વારા ન્યાયિક પ્રક્રિયાને આધુનિક અને વેગવાન બનાવવા માટે શરૂ કરાયેલા ઈન્ટર ઓપરેબલ ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમ પ્રોજેક્ટ અંતર્ગત ગુજરાતના તમામ પ્રોસિક્યુટર્સને મોબાઈલ ડેટા ટર્મિનલ તરીકે ઉપયોગ કરવા માટે આ સ્માર્ટ ફોન ફાળવવામાં આવ્યા છે. હવે એક જ ક્લિક પર વિવિધ વિભાગો સાથે સીધો સંપર્ક કરી શકાશે.

## JUNAGADH – NARSINH MEHTA

જૂનાગઢમાં આજે ભક્ત કવિ નરસિંહ મહેતાની 618મી જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી રહી છે. સવારે મંગળા આરતી સાથે નરસિંહ મહેતાના ચોરા ખાતે વિશેષ પૂજન અર્ચન અને રાજભોગ દર્શન કરવામાં આવ્યા હતા, તો નરસિંહ મહેતા સરોવર ખાતે ભક્તિ સંગીતનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં નરસિંહના જાણીતા પ્રભાતિયા અને કૃષ્ણ ભજન સાથે કલાકાર જગતે નરસિંહ મહેતાજીની વંદના કરી હતી. આજે સાંજે ગિરનાર દરવાજેથી નરસિંહ મહેતાના પુસ્તકોની યાત્રાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

## DAMAN – KHEL MAHOTSAV

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના રમતગમત અને યુવા બાબતો વિભાગ દ્વારા દીવમાં "ખેલ મહોત્સવ - ૨૦૨૬" નું આયોજન કરાયું છે. દિવના વણકબારા, વાડીવિસ્તાર, ઘોઘલા અને દીવ શહેરના ૫૦૦ જેટલા ખેલાડી  ખેલ મહોત્સવ હેઠળ આયોજિત તાલીમ શિબિરોમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહ્યા છે. જેમાં ટેબલ ટેનિસ, ચેસ, કરાટે, યોગ, બેડમિન્ટન, તાઈક્વોન્ડો, વોલીબોલ, સ્વિમિંગ, બીચ સોકર અને શૂટિંગ સહિત વિવિધ રમતોમાં તાલીમ આપવામાં આવી રહી છે.

તાલીમ શિબિર બાદ, વિવિધ રમતોમાં સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવશે, જ્યાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારાઓનું સન્માન કરવામાં આવશે.